# બનાસકાંઠાના પાલનપુર પંથકમાં નવરાત્રીની અનોખી ઉજવણી



પાલનપુર તાલુકાના વાસણ(ધા) ગામે સોમવારે સાંજના સુમારે મંદિરના પટાંગણમાં નોરતિયા અને માતાજીના શેળીયા બની ચણિયા પહેરેલા પુરુષો ગરબે ઘૂમ્યા હતા. ચાલી આવતી વરસોની પરંપરા મુજબ અહીંયા આસો સુદ આઠમની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે ભરાયેલા મેળામાં મોટી સંખ્યામાં લોકો ઉમટી પડ્યા હતા. પાલનપુર તાલુકાના વાસણ (ધા) ગામે સોમવારે આસો સુદ આઠમની પરંપરાગત ઉજવણી કરવામાં આવી હતી. જ્યાં નોરતીયા બનેલા યુવકો ધુણતા ધુણતા અંબાજી માતાના મંદિરે પહોંચ્યા હતા. જ્યાં ચણીયો પહેરેલા યુવકોએ ગરબે ઘૂમી માતાજીની આરાધના કરી હતી. આ અંગે વડીલ મોતીજી ઠાકોરે જણાવ્યું હતુ કે, ગામમાં વસતા ક્ષત્રિય ઠાકોર સમાજ દ્વારા આસોસુદ આઠમની વિશેષ ઉજવણી કરવામાં આવે છે. પરંપરાથી ચાલ્યા આવતા રિવાજ મુજબ યુવકો નોરતીયા બને છે. જેઓ ધુણતા ધુણતા અંબાજી માતાના મંદિરે પહોંચ્યા હતા. નોરતીયાઓની સાથે ચણિયા પહેરીને પુરૂષોએ માતાજીની આરાધના કરી હતી. પુરૂષો ના ચણિયા પહેરવા પાછળનું કારણ એ છે કે, નોરતીયા ઓની સાથે માતાજીના શેળીયા હોય છે. જેમણે ચણિયા પહેરવાના હોય છે. આ પરંપરા વર્ષોથી ચાલી આવે છે. ઉલ્લેખનીય છે કે, નોરતીયાઓએ કોરડાનો માર પણ ઝીલ્યો હતો. સાથે સાથે મંત્રેલુ લીંબુ લેવાની વિધિ પણ કરવામાં આવી હતી. મંદિરમાં હવન કરાયો હતો. આ પ્રસંગે ભરાયેલા મેળામાં મોટી સંખ્યામાં લોકો ઉમટી પડ્યા હતા.

# અંબાજી ૧૦૮ની ટીમે ડુંગર ચડીને પ્રસુતાની ડિલિવરી કરાવી



અંબાજી ૧૦૮ ની ટીમે ડુંગર પર અડધો કિલોમીટર ચાલીને એક મહિલાની પ્રસુતિ કરાવી માતા તેમજ નવજાતની જિંદગી બચાવી છે. ડુંગર વિસ્તારમાં રહેતી મહિલાને પ્રસૂતાની પીડા ઉપડતા તેઓએ ૧૦૮ ને કોલ કરતા ૧૦૮ ની વાન ડુંગર પર જઈ શકે તેમ ન હોય ટીમ પગપાળા ચાલીને મહિલાની પ્રસુતિ કરાવી હતી. અંબાજી ૧૦૮ ને ગત તા ૩૦ સપ્ટેબરના રોજ વહેલી સવારે રાણપુર આંબા ગામે ડિલિવરીનો કોલ મળતા ૧૦૭ન ઈએમટી અલ્કાબેન, પાઈલોટ સંજયભાઈ સાથે તુરંત ઘટના સ્થળે જવા રવાના થયા હતા. જ્યા પહોંચતા ખરાબ રસ્તાને વાન થી દર્દી સુધી પહોંચી શકે તેમ ન હોઈ ૧૦૮ ની ટીમ જરૂરી સાધનો તથા ડિલિવરી કીટ સાથે ડુંગર ઉપર અડધો કિલોમીટર ચાલીને સગર્ભા મહીલા સુધી પહોંચી ૧૦૮ અમદાવાદ હેડ ઑફિસના તબીબ ની સૂચના મુજબ સ્થળ પર સફળ પ્રસુતી કરાવી હતી .અને અને નવજાત બાળક અને માતાને નવ જીવન આપ્યું હતું.

# ઈન્ડીયન રેડ ક્રોસ સોસાયટીના ધનસુરા તાલુકા શાખાના કાર્યાલયનું ઉદ્દઘાટન કરવામાં આવ્યું



ઈન્ડીયન રેડ ક્રોસ સોસાયટી ના ધનસુરા તાલુકા શાખા ના કાર્યાલય નું ઉદઘાટન કરવામાં આવ્યું હતું.ધનસુરા ગ્રામ પંચાયત દ્વારા ઓફિસ માટે નું યોગ્ય મકાન ફાળવતાં ધનસુરા બાલમંદિર આદર્શ સોસાયટીવાળા મકાન માં ધનસુરા ના સરપંચ હેમલત્તાબેન પટેલ ના હસ્તે ઉ્દઘાટન કરવામાં આવ્યું હતું. જેમાં ધનસુરા ના સરપંચ હેમલત્તાબેન પટેલ,ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી ના અરવલ્લી જિલ્લાના ચેરમેન ભરતભાઈ પરમાર,ડેપ્યુટી સરપંચ કાર્તિકભાઈ પટેલ, ચેરમેન મનસુખભાઈ ભગત, વાઈસ ચેરમેન ગોવિંદભાઈ પટેલ, ચંદુભાઈ પટેલ ખજાનચી, લલિતભાઈ બુટાલા મંત્રી, કિશનભાઈ જાંગીડ,ભરતભાઈ ઠુંમર, જયાબેન જયંતીભાઈ,નવીનભાઈ દરજી,સિનિયર સિટીઝન મંડળ ના પ્રમુખ ગોવિંદભાઈ પટેલ, પેન્શનર મંડળ ના પ્રમુખ હસમુખભાઈ પટેલ, તથા ઈન્ડીયન રેડક્રોસ સોસાયટીના કારોબારી સભ્યશ્રીઓ અને સદસ્ય શ્રીઓ,ધનસુરા ગ્રામ પંચાયત ના સદસ્યશ્રીઓ અને ગામ લોકો ઉપસ્થિત રહ્યા હતા.કાર્યક્રમમાં આભારવિધિ ગોવિંદભાઈ.એસ.પટેલે કરી હતી.

# પાલનપુરમાં તહેવારો ટાણે ફૂલને ભાવ વધારાનું ગ્રહણ લાગ્યું



પાલનપુરમાં હાલ નવરાત્રી તેમજ આઠમ નોમના પર્વે દરમ્યાન ફુલો મોંઘા થયા છે પૂજા પાઠ અને મંદિર સજાવટ માટે ફુલોની માંગ વધતા ફૂલો અને ફુલના હારના ભાવમાં તોતિંગ વધારો થવા પામ્યો છે. જેને લઈ લોકોમાં દરેક ક્ષેત્રે વધતી જતી મોંઘવારી ને લઈ નિરાશા છવાઈ છે. લોકો મોંઘવારીમાં પીસાય રહી છે ઘર વપરાશ સાથે જીવન જરૂરી ચીજવસ્તુઓ માં દિન પ્રતિદિન તોતિંગ ભાવ વધારો થઈ રહ્યો છે જેમાં તહેવારો ટાણે તહેવાર અનુરૂપ ચીજવસ્તુની માંગ વધતા તેમાં પણ ભાવ વધારો લડાય રહ્યો હોય છે.જેમાં હાલ નવરાત્રી ચાલી રહી હોય ફૂલોની નગરી તરીકે પ્રખ્યાત પલાનપુર નગરમાં ફૂલોની માંગ વધતા ફૂલ પણ મોંઘા બન્યા છે બજારમાં હાલ છુટા ગલઘોટા પ્રતિકીલો રૂ.૧૦૦ થી ૧૫૦ નો ભાવ બોલાય રહ્યો છે. અને ગલધોટાના ફુલહાલનો ભાવ રૂ.૩૦-૫૦ અને ૧૦૦ થયો છે જ્યારે ગુલાબના ફૂલ ૪૦૦ રૂપિયે કિલો અને ગુલાબના ફુલહાર ૨૫૦ થી ૩૦૦ના ભાવે વેચાવા લાગ્યા છે સાથે અન્ય ફુલોમા પણ ભાવ વધારો થયો છે. જેને લઈ પૂજા પાઠ, મંદિર અને ઘરની સજાવટ માટે ફુલો ની ખરીદી કરતા લોકોને ભાવ વધારાનો ભોગ બનવું પડી રહ્યું છે.

# જિલ્લામાં સી.એન.જી. ગેસના વારંવાર ભાવ વધારાથી રીક્ષાચાલકોને હૈયાહોળી

## પેટ્રોલના ભાવ વધારાથી ત્રાસી સી.એન.જી. રીક્ષા ખરીદી પણ તેમાંય ભાવ વધારો

બાયડ (બ્યુરો ઓફીસ), તા.૦૫

સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં સી.એન.જી. ગેસના વારંવાર ભાવ વધારાના કારણે રીક્ષાચાલકોને દિવાળી ટાણે હૈયા હોળી થઈ છે. પેટ્રોલના ભાવથી ત્રાસીને અસંખ્ય રીક્ષાચાલકોએ સી.એન.જી. રીક્ષા ખરીદી પરંતુ તેમાંય સતત ભાવ વધતા હોવાથી હાલત કફોડી બની છે. ભાવ વધારા પછી સી.એન.જી. ગેસનો ૧ કીલો દીઠ ભાવ રૂ ૮૫ સુધી પહોંચી જતાં ઓછા ભાડામાં રીક્ષાના હપ્તા ભરવા પણ મુશ્કેલ બન્યા છે.

પેટ્રોલના ભાવ વધારાના કારણે બંન્ને જિલ્લાના ૪૦૦૦ થી વધુ રીક્ષાચાલકોએ પેટ્રોલ રીક્ષાને તિલાંજલિ આપી સી.એન.જી. ગેસ આધારીત રીક્ષાઓ વસાવી હતી. લોનથી ખરીદેલી રીક્ષાઓના હપ્તા યેનકેન પ્રકારે પૈસાનું સેટીંગ કરી રીક્ષાચાલકો માંડ ભરતા હતા ત્યાં છેલ્લા કેટલાક સમયથી પેટ્રોલ બાદ હવે સી.એન.જી. ગેસના ભાવમાં પણ સતત વધારો થઈ રહ્યો છે. જિલ્લામાં ઓછા રીક્ષા ભાડામાં જાન્યુઆરી માસથી સી.એન.જી. ગેસના ભાવમાં ક્રમશ વધારો થઈ રહ્યો છે જેથી રીક્ષાનો ગેસ ખર્ચ, મેન્ટેનન્સ તેમજ લોનના હપ્તા કાઢવા પણ રીક્ષાચાલકો માટે મુશ્કેલ બની ગયા છે. જિલ્લામાં સી.એન.જી. ગેસનો ભાવ ૧ કીલોદીઠ રૂ ૮૫ સુધી પહોંચી જતાં રીક્ષાચાલકોની હાલત કફોડી બની છે. અગાઉ



પેટ્રોલમાં વધતા જતા ભાવના કારણે સી.એન.જી. રીક્ષાઓ વસાવી પેટ્રોલના ભાવ વધારાનો રસ્તો શોધી કાઢ્યો પરંતુ હવે રીક્ષાચાલકો માટે ઘરના દાક્યા વનમાં ગયા તો વનમાં પણ આગ લાગી જેવો ઘાટ ઘડાયો છે. સી.એન.જી. ભાવમાં રુ ૩ નો વધારો થતાં ૧૦ ઓક્ટોબરે અમદાવાદ સહિતના રીક્ષાચાલકો મુખ્ય મંત્રીને આવેદનપત્ર આપી રજૂઆત કરવાની સાથે ૧ દિવસ માટે હડતાલ પર ઉતરવા માટે તૈયાર થયા છે. જિલ્લામાં પણ વારંવાર સી.એન.જી. ગેસના ભાવ વધારાથી તમામ રીક્ષાચાલકો હેરાન પરેશાન બની ગયા છે.

**૯ મહિનામાં સી.એન.જી. ગેસમાં રુ ૧૮ સુધીનો તોતિંગ વધારો**

સી.એન.જી.ના વધતા ભાવથી રીક્ષાચાલકો દેવાના ડુંગર તળે આવી જાય તેવી સ્થિતિ પેદા થઈ છે. છેલ્લા ૯ મહિનામાં સી.એન.જી.માં રુ ૧૮ સુધીની તોતિંગ વધારો થયાનો આરોપ રીક્ષાચાલકોએ લગાવ્યો છે.

# સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં સસ્તા અનાજના દુકાનદારોની હડતાલનો સુખદ અંત

## સરકારે ૪ માગણી સ્વીકારી રુ. ૨૦ હજાર ફિક્સ કમીશન અપાશે

બાયડ (બ્યુરો ઓફીસ), તા.૦૫

રાજ્યમાં સસ્તા અનાજના દુકાનદારોની પડતર માંગણીઓ ન સંતોષાતાં તા.૨ ઓક્ટોબરથી દુકાનો બંધ રાખી હડતાલ શરુ કરતાં સરકાર દ્વારા તાબડતોબ મંત્રણા યોજી હતી જેમાંથી ૪ માંગણીઓ સ્વીકારવાની સાથે ૨૦ હજાર ફિક્સ કમીશન આપવાનું નક્કી કરાતાં સસ્તા અનાજના દુકાનદારોની હડતાલનો અંત આવ્યો છે. સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં પણ હડતાલનો સુખદ અંત આવતાં મંગળવારથી તમામ દુકાનો રાબેતા મુજબ ખોલવામાં આવી હતી અને અનેક કાર્ડધારક રેશનીંગ લેવા માટે પહોંચ્યા હતા.

પ્રાપ્ત જાણકારી અનુસાર સરકાર માન્ય સસ્તા અનાજના દુકાનદારોની અનેક માગણીઓ લાંબા સમયથી અટવાયેલી હતી. રાજ્ય એસોસીએશન દ્વારા સરકાર અને વિભાગ સમક્ષ વારંવારની રજૂઆત છતાં કોઈ યોગ્ય ઉકેલ આવતો ન હતો છેવટે તા.૨ ઓક્ટોબરથી રાજ્ય સહિત સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાના ૮૦૪ થી વધુ દુકાનદારો હડતાલમાં જોડાતાં અફરા તફરી મચી ગઈ હતી. રાજ્ય સરકાર દ્વારા તાબડતોબ દુકાનદાર એસોસીએશનના પ્રતિનિધિઓ સાથે બેઠક યોજી હતી અને ૧૧ મુદા પૈકી ૪ માગણીઓ સ્વીકારવાની સાથે અન્ય મુદા અંગે હકારાત્મક અભિગમ અપનાવવાની ખાત્રી આપવામાં આવી હતી. જયારે જે માંગણીઓના ઉકેલ માટે ખાત્રી આપવામાં આવી છે તે માટે કમીટી બનાવવાનો નિર્ણય લેવાતાં સસ્તા અનાજના દુકાનદારોની લડત પાછી ખેંચી લેવામાં આવી છે જે મુજબ સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાના ૧૪ તાલુકાની તમામ સસ્તા અનાજની દુકાનો ૪ ઓક્ટોબરથી રાબેતા મુજબ ખૂલી ગઈ છે. સરકાર દ્વારા ફિક્સ વેતનની માગણી સ્વીકારી છે જેમાં ઈં કાર્ડ હોય ત્યાં રુ ૧૩ હજાર કમીશન મળતું હતું તેમાં ફિક્સ સ ૨૦ હજાર કમીશન મળે તે પ્રકારે નિર્ણય લેવાશે તેવી હૈયાધારણા આપી દેવામાં આવી છે. અરવલ્લી જિલ્લા સસ્તા અનાજ દુકાનદાર એસોસીએશનના પ્રમુખ વાડીલાલ પટેલે જણાવ્યું કે સરકાર સાથે એસોસીએશનના પ્રતિનિધિઓની બેઠક યોજાયા પછી કેટલીક માંગનો સુખદ ઉકેલ આવતાં હડતાલ સમેટવામાં આવી છે.




# અરવલ્લી જિલ્લા પંચાયત પ્રમુખના પુત્રએ દશેરાના દિવસે ફાયરીંગ કરતો વિડીયો વાયરલ કરતાં વિવાદ

## પુત્રના કારણે ફરી એક વખત જિલ્લા પંચાયત પ્રમુખ ચર્ચાના એરણે, વિધાનસભા ચૂંટણીમાં આવી તાકાત દેખાડજો..અનેક લોકોએ ટોણાં માર્યા

બાયડ (બ્યુરો ઓફીસ), તા.૦૫

ભાજપ શાસિત અરવલ્લી જિલ્લા પંચાયત પ્રમુખ લાલસિંહ હિંમતસિંહ ચૌહાણના પુત્ર વિરભદ્રસિંહે દશેરાના દિવસે ફાયરીંગ કરતો વિડીયો પોતાના ફેસબુક ઉપર વાયરલ કરતાં નવો વિવાદ ઉભો થયો છે. પુત્રના કારણે ફરી એક વખત જિલ્લા પંચાયત પ્રમુખ ચર્ચાના એરણમાં આવ્યા છે. છેલ્લા ૨૦ વર્ષથી ભિલોડા વિધાનસભા બેઠક ઉપર ભાજપ જીત્યુ નથી ત્યારે પ્રમુખ પુત્રનો વિડીયો વાયરલ થયા પછી આગામી વિધાનસભા ચૂંટણીમાં આવી તાકાત દેખાડજો તેવા ટોણા અનેક લોકોએ કર્યાનુ જાણવા મળ્યું છે. જિલ્લા ભાજપ સંગઠન આ મુદ્દે ફરી એકવાર બચાવમાં તો નહીં આવી જાય ને..?? તેવી ટીખળ પણ શરૂ થઈ છે.

પ્રાપ્ત જાણકારી અનુસાર અરવલ્લી જિલ્લા પંચાયતના વહીવટ બાબતે લાંબા સમયથી સાચા-ખોટા આરોપ લાગેલા છે. થોડાક સમય અગાઉ ભિલોડાના રઘુ નામના ઈસમની એક ફાઈલ ક્લિયર કરવા માટે કોઈએ લાખ રૂપિયા ખંખેર્યાની ચર્ચાઓ હજુ પણ સમી નથી અને આવનારા દિવસોમાં હજુ પણ ઘણા વિવાદો સામે આવવાની વકી છે. જિલ્લા પંચાયતની એક સમિતિના ચેરમેનની ખુરશી ૩ મહિનાથી અદ્રશ્ય કરી ખંભાતી તાળાં મારી દીધાની વિગતો સામે આવી છતાં જિલ્લા ભાજપ



સંગઠન મુનિ નિંદ્રામાં હજુ પણ જોવા મળ્યું છે અને તેના માટે અનેક કારણો જવાબદાર છે. ત્યારે બુધવારે દશેરો હોવાથી ક્ષત્રિય અને રાજપૂત સમાજ દ્વારા સંગઠનમાં તેમજ પોતાના ઘરે શસ્ત્રપૂંજા કરી હતી તેવા સમયે જિલ્લા પંચાયત પ્રમુખ લાલસિંહ ચૌહાણના પુત્ર વિરભદ્રસિંહે તેમના ભિલોડાના મલાસા હવેલી આગળ ફાયરીંગ કરતો વિડીયો ૧૦ થી ૧૫ સેકન્ડનો વિડીયો જાતે વાયરલ કરતાં આસૂરી શક્તિનો વધ કરવા જતાં પોતે જ ભરાઈ પડ્યા જેવી સ્થિતિ સામે આવી છે. મલાસાના ચૌહાણ પરિવારે ભાજપે બે દાયકા દરમ્યાન ઘણું બધું આપ્યું છે. ત્યારે આગામી વિધાનસભા ચૂંટણીમાં ફાયરીંગનો મુદ્દો વિપક્ષ માટે ટ્રમ્પકાર્ડ બની જાય તેવી પૂરેપૂરી સંભાવના વ્યક્ત થઈ રહી છે.

### પોલીસનું નરોવા કુંજરોવા...

દશેરાના દિવસે જિલ્લા પંચાયત પ્રમુખના પુત્રએ પોતાની હવેલી આગળ ફાયરીંગ કર્યાનો વિડીયો વાયરલ કરતાં ભિલોડા પોલીસનો સંપર્ક કર્યો હતો પરંતુ પોલીસે આ અંગે નરોવા કુંજરોવા શરૂ કર્યુ છે અને આવી વિગત સાંભળી છે પરંતુ સાચું શું ખોટું શું..?? તેને ચકાસી રહ્યાનું જણાવ્યું છે.

# પ્રાંતિજના બ્રહ્માણી માતાના ચોકમાં પલ્લી મેળો ભરાયો

**ગુજરાત માં બે સ્થળોએ પલ્લી મેળો ભરાય છે ગાંધીનગરના રૂપાલ અને સાબરકાંઠાના પ્રાંતિજ: પાંડવોના સમયથી ચાલી આવતી પ્રથા આજે પણ યંત્ર યુગમાં યથાવત છે : હજારો મણ ઘીનો અભિષેક કરવામાં આવ્યો : કોરોનાના બે વર્ષ બાદ માનવ મહેરામણ ઉમટી પડયુ**

પ્રાંતિજ તા.૫

સાબરકાંઠા જિલ્લાના



પ્રાંતિજ ખાતે વર્ષોથી પલ્લી નો મેળો ભરાય છે જેમાં તા.૪।૧૦।૨૦૧૯ ને મંગળવાર ના રોજ પ્રાંતિજ ના બ્રહ્માણી માતાના મંદિરે ભરાયેલા પલ્લી ના મેળામાં માઈ ભકતો નુ માનવ મહેરામણ મોટી સંખ્યામાં ઉમટી પડયુ હતુ અને પલ્લી ના દર્શન કરી ધન્યતા અનુભવી હતી તો જયઅંબે...ના ધોષથી સમ્રગ પ્રાંતિજ ગુંજી ઉઠયું હતું. બ્રાહ્મણી મંડળ દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ સુંદર એવી વ્યવસ્થા કરવામાં આવીહતી.મંદિર તરફથી કોઈ પણ જાતની માઇ ભકતોને કષ્ટ ના પડે તેની ઝીણવટભરી દેખરેખ રાખવામાં આવી હતી ભકતો દ્વારા પલ્લી માં માંગેલ બાધાપૂર્ણ કરવા માટે ધી ચડાવવા માટે મંદિર ના ચોકમાં મુકેલ પીપ અને તપેલા પણ નાના



પડયા હતાં અને ધીનો વરસાદ વરસ્યો હતો તો આ વર્ષ પલ્લી નિકળ્યા પહેલા અમીછાંટા થયા હતા તો પટેલ વાસ ના યુવાનો દ્વારા દરવર્ષ ની જેમ પલ્લી બનાવવામાં આવી હતી અને પલ્લી પ્રગટાવવામાં આવી હતી અને પાલખી સ્વરૂપે તેને બ્રહ્માણી ચોકમાં ધુમાવવામાં આવેલી અને આતબાજીની ફુલો નો વરસાદ સાથે આખું વાતાવરણ 'જય અંબે 'ના નાદ સાથે ગાજી ઉઠેલું પલ્લી ના દર્શન માટે આવેલ મહેરામણમાં સીતેર હજાર કરતાં પણ દર્શનનાર્થીઓ ઉમટી પડયા હતાં પ્રાંતિજ પી.આઇ પી.પી.વાધેલા દ્રારા કોઈ અનિચ્છનીય ધટના ન બને તે માટે પુરે-પુરી દેખરેખ રાખવામાં આવી હતી શુધ્ધ પીવાના પાણીની પણ વ્યવસ્થા કરવામાં આવી હતીજયારે પ્રાંતિજ નગરપાલિકા ની એમ્બ્યુલન્સ તથા ફાયર ફાઈટર વ્યવસ્થા કરવામાં આવી હતી છેલ્લા બે વર્ષ થી કોરોના ને લઈ ને પલ્લી મેળો ભરાયો ન હતો તો આ વર્ષે પ્રાંતિજ સહિત આજુબાજુમા રહેતા માઈભકતો ઉમટી પડયા હતા અને મા ના દર્શન સાથે મેળામા આનંદ માણ્યો હતો.

# પ્રાંતિજ ખાતે શસ્ત્રો પૂજન કાર્યક્રમ યોજાયો

પ્રાંતિજ તા.૫

સાબરકાંઠા જિલ્લા ના પ્રાંતિજ ખાતે વિશ્વ હિન્દુ પરિષદ અને બજરંગ દળ દ્વારા શસ્ત્રો પુજન કાર્યક્રમ યોજાયો. પ્રાંતિજ ખાતે કાર્યરત વિશ્વ હિન્દુ પરિષદ અને બજરંગ દળ દ્વારા પ્રાંતિજ ભાંખરીયા બસસ્ટેશન પાસે આવેલ મહાકાલી માતા ના મંદિર ખાતે દશેરાના પર્વ ને લઈ ને શસ્ત્રોનુ પુજન કાર્યક્રમ યોજાયો હતો જેમા વિશ્વ હિન્દુ પરિષદ અને બજરંગ દળ ના કાર્યકરો ઉપસ્થિત રહીને શસ્ત્રોની પુજા કરી હતી તો આ પ્રસંગે પ્રાંતિજ




તાલુકા અધ્યક્ષ મેહુલસિંહ ઝાલા, વિશ્વ હિન્દુ પરિષદના મંત્રી મહેન્દ્રસિંહ રાઠોડ, બજરંગ ના રણજીતસિંહ પરમાર, ગોવિદભાઈ પટેલ, મિલનભાઈ કડીયા, સંદીપ શાહ સહિતના કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા અને શસ્ત્રોનુ પૂજન કર્યુ હતુ.

### ડીસામાં છેલ્લા નોરતે ખેલૈયાઓ ટ્રેડિશનલ ડ્રેસમાં સજ્જ થઈ આખી રાત ગરબે ઘુમ્યા

ડીસા, તા. ૫

બનાસકાંઠા જિલ્લાના ડીસા શહેરમાં માં જગદંબાના નવલા નોરતાની ધામધૂમ પૂર્વક ઉજવણી કરવામાં આવી હતી શહેરના જુદા જુદા વિસ્તારો અને ખાનગી પાર્ટી પ્લોટોમાં નવ દિવસ સુધી ખેલૈયાઓ મન મૂકીને ગરબે ઘુમ્યા હતા ત્યારે શહેરના હાઈવે ઉપર આવેલ વંદના પાર્ટી પ્લોટ ખાતે રંગતાળી પાંચ દિવસીય ગરબા મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં રાત્રે માતાજીની આરતી કર્યા બાદ મોડી રાત સુધી ખેલૈયાઓ ગરબે ઘૂમતા હતા ત્યારે નવલા નોરતાના છેલ્લા દિવસે વિવિધ ટ્રેડિશનલ ડ્રેસોમાં સજ્જ થઈ ખેલૈયાઓ આખી રાત મન મૂકીને ગરબે ઘુમ્યા હતા

# ડીસામાં ગરબાની ઉજવણી



ડીસા, તા. ૫

ડીસા શહેરના રેલવે સ્ટેશન વિસ્તારમાં આવેલા વિશ્વકર્મા નગરમાં રહેતા કાન્તિલાલ બાબુલાલ લોધા (અશિયા પરિવાર ) દ્વારા નોમના દિવસે પોતાના પૌત્રની માનતાનો ગરબો માનેલો હતો. તે પૌત્ર પાંચ વર્ષનો થતાં લોધા અશિયા પરિવાર દ્વારા નોમના દિવસે નવરાત્રિ દરમિયાન ગરબો ઉજવવામાં આવ્યો હતો. જેમા સોસાયટીની બહેનો તેમજ નાની નાની બાળાઓએ રાસ ગરબાની રમઝટ બોલાવી હતી. જ્યારે ગરબે રમનાર તેમજ ગરબામા આવેલ તમામ મહેમાનો અને સગા સબંધીઓને મહા પ્રસાદ તેમજ લ્હાણી આપવામા આવી હતી.